**ચોટીલાના મહે. પ્રિન્સિપાલ સીવીલ જજ અને જયુડી. મેજી. ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, મું. ચોટીલા.**

**ફો.કે.નં.૯૯/૨૦૨૩**
**આંક:-૦૫**

GJSN050001622023

**શ્રી સરકાર** .....ફરિયાદી

**<u>વિરૂધ્ધ</u>**

**જનકભાઈ સવશીભાઈ ઝેઝરીયા,**

રહે.સાગધ્રા, તા.મુળી, જી.સુરેન્દ્રનગર. .....આરોપી

**આરોપ:-એમ.વી. એકટની કલમ-૧૮૫ તથા પ્રોહી. કલમ-૬૬(૧)બી મુજબ.**

**<u>-:: ઠરાવ::-</u>**

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ **એમ.વી. એકટની કલમ-૧૮૫ તથા પ્રોહી. કલમ-૬૬(૧)બી** મુજબ અન્વયેના ગુન્હાનો આરોપ છે. તે મુજબનું તહોમતનામું વાંચી સંભળાવતા આરોપી સ્વેચ્છાએ મજકુર ગુન્હાની કબુલાત કરે છે. જે અંગેની કબુલાત પુરસીસ રજુ કરેલ છે. જે આરોપીને વાંચી સંભળાવતા સ્વેચ્છાએ સમજી, વિચારી કબુલાત કરેલ છે અને આરોપીની પ્લી લેતા તેઓએ ગુનાનો એકરાર કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી ગુના સબબ નોંધતા આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં કરવા ખાત્રી આપતા હોય આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને હળવી સજા કરવી જોઇએ તેમ માનુ છું. આરોપી સામેના આક્ષેપિત ગુનાનો પ્રકાર, તેમાં સજાનું પ્રમાણ, આરોપીની

રજૂઆત, તેની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા અને નામદાર વડી અદાલતે **૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોર**ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા આરોપીને હળવી સજા કરવાનું વ્યાજબી અને ન્યાયિક જણાતુ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ મુજબ **એમ.વી. એકટની કલમ–૧૮૫ તથા પ્રોહી. કલમ–૬૬(૧)બી** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૧૧૦૦/– (અંકે રૂપિયા એક હજાર એકસો પુરા)**નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો દિવસ–૧૫(પંદર)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ વાહન આરોપીના કબજામાંથી જપ્ત કરેલ હોય તો માલીકી અંગેની ખરાઈ કરી પરત સોંપવું.

હુકમ આજ રોજ તા.૧૪મી માંહે–માર્ચ સને–૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
ચોટીલા

(પંકિત દિશાંત દવે)
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક.,
ચોટીલા.
(જજ કોડ નં. જીજે૦૧૬૬૦)